Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com





# ગુજરાત આત્મીયતા


ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

Happy Diwali

YEAR-02, ISSUE- 19,(SURAT), DATE-30/10/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૯, (સુરત), તા.૩૦/૧૦/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત અંકલેશ્વર ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા જરૂરિયાતમંદ દીકરા - દીકરીઓને સેવા અર્પણ કરવામાં આવી

3 દિવાળીના તહેવારમાં પાચનતંત્રને મજબૂત રાખવા માટે પીવો આ ૪ પીણા

4 બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે રન ફોર યુનિટી યોજાશે


## દીપાવલી પૂર્વે ગુજરાતને મળી અનેકવિધ વિકાસકાર્યોની ભેટ






યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના હસ્તે અમરેલી જિલ્લાના લાઠી ખાતેથી ૪૮૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદને આવરી લેતા ૧૬૦૦ થી વધુ વિકાસકાર્યો નાગરિકોની સુખાકારીમાં વધારો કરશે.

આ કાર્યક્રમમાં માનનીય રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી, માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલજી, સાંસદશ્રીઓ, રાજ્ય સરકારના માન. મંત્રી ઓ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા.

**૪૮૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.**






















ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

સુરત મનપાના મ્યુનિસિપલ કમિશનર દ્વારા પોતાની સત્તાવાર ફરજ અને કામગીરીમાં દાખવવામાં આવી રહેલ

# બેદરકારી તથા નિભાવવાની થતી સેવાના નિયમોનાં ભંગ બદલ અને સુરતની પ્રજાના પ્રશ્નોની ઉપેક્ષા માં ઉદાસીનતા બદલ દર્શન નાયક દ્વારા આવેદન પત્ર અપાયું



સરકાર દ્વારા શહેરોમાં વિકાસની કામગીરીના નીતિ-નિયમો મુજબ થઈ રહેલ છે કે નહીં તેની દેખરેખ રાખવા અને જો કોઈ કર્મચારી કે અન્ય ઇસમો દ્વારા બેદરકારી દાખવી નીતિ-નિયમોનો ભંગ થયા અથવા કોઈ કાયદા વિરુદ્ધનું કૃત્ય કરવામાં આવે તો તે અટકાવવાનાં કામ માટે મ્યુનિસિપલ કમિશ્નરની નિમણૂક કરવામાં આવતી હોય છે. એવી જ રીતે ગુજરાતની આર્થિક રાજધાની સુરત શહેરમાં પણ મ્યુનિસિપલ કમિશ્નરની નિમણૂક કરવામાં આવેલ છે. મોટે ભાગે આ અધિકારીઓ ભારતીય પ્રશાસનિક સેવા માંથી આવેલ હોય છે એન તાંત્રિક વહીવટ ચલાવવાની સંપૂર્ણ તાલીમ પામેલ હોય છે. પરતું, આટલી મહત્વના પદ પર બિરાજમાન અને અતિ અનુભવી સુરત શહેરના મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા જ જયારે પોતાની ફરજ નિભાવવામાં બેદરકારી દાખવવામાં આવે ત્યારે તેમની સામે કાર્યવાહી થવી જરૂરી છે. સુરત શહેર હાલમાં સફાઇના ક્ષેત્રે આખા દેશમાં પહેલા ક્રમે છે. સુરત શહેરના મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા પોતાની ફરજમાં બેજવાબદેહી દાખવવાને કારણે દેશમાં સ્વચ્છતામાં આગવું સ્થાન ધરાવતું સુરત શહેર હાલમાં કફોડી હાલત થઈ જવા પામેલ છે જેને કારણે સુરત શહેરના નાગરિકોને પરેશાની અને મુશ્કેલીઓ ભોગવવાનો વારો આવી ગયો છે. આ મુશ્કેલીઓ અને પરેશનીઓ નીચે મુજબ છે જે આપ સમક્ષ અમો રજૂ કરીએ છીએ.

હાલમાં સુરત શહેરી વિસ્તારમાં મેટ્રો ટ્રેનની કામગીરી કાર્યરત છે. સદરહુ મેટ્રો ટ્રેનની કામગીરી ખાનગી એજન્સી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ ને સોંપવામાં આવેલ છે. પરતું, મેટ્રો ટ્રેનની કામગીરીનું નિયમન કરવાની જવાબદારી મ્યુનિસિપલ કમિશ્નરની હોય છે. મેટ્રો ટ્રેનની કામગીરી કરનાર એજન્સી દ્વારા સુરત શહેરના રસ્તાઓનું આડેધડ મનસ્વી રીતે ખોદકામ કરવામાં આવી રહેલ છે તથા સુરત મહાનગરપાલિકાના જાહેરનામા વિના જ મનફાવે તેમ શહેરના મુખ્ય માર્ગો પણ બંધ કરી દેવામાં આવી રહેલ છે. જેને કારણે આ માર્ગો ઉપર ધંધા રોજગાર કરનારાઓને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવેલ છે તેમજ સામાન્ય જનતાને વાહન-વ્યવહાર માટે પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સુરત શહેરમાં મેટ્રો રેલના કામને કારણે છેલ્લા ૧.૫ વર્ષમાં ૨૪ વખત પાણી-ડ્રેનેજ લાઇનમાં ભંગાણ થયેલ છે. પાણીની લાઇનમાં ૧૨ વખત ભંગાણ થયા બાદ અંદાજીત કૂલ ૩૪ લાખથી વધુનો ખર્ચ છે. જેની સામે આજદિન સુધી ફક્ત અને ફક્ત ૨ લાખ રૂપિયા જ ખર્ચ પેટે ચોપડે નોંધાયેલ છે. આ પ્રક્રિયામાં પણ વિલંબ થવાને કારણે પણ શહેરની જનતાને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ છે.

મેટ્રો ટ્રેનની કામગીરી કરનાર એજન્સી દ્વારા વારંવાર સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહેલ છે. જેને કારણે દુર્ઘટનાઓ સર્જાવા પામેલ છે. સદરહુ મેટ્રો ટ્રેનની કામગીરી કરનાર એજન્સી દ્વારા મનસ્વી રીતે કામગીરી કરવામાં આવી રહેલ છે તેમ છતાં સુરત શહેર મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા સદરહુ એજન્સી ઉપર કોઈ નિયંત્રણ રાખવામાં આવી રહેલ નથી. જે રોડ-રસ્તાઓ આડેધડ તોડવામાં આવી રહેલ છે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા કોઈ ભવિષ્યનું માળખું પણ તૈયાર કરવામાં આવેલ નથી. જેથી જે રોડ-રસ્તાઓ તોડવામાં આવી રહેલ છે તે સુરત શહેરમાં લાંબા સમય માટે તેવી જ સ્થિતિમાં રહેશે અને સુરત શહેરની જનતાને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. જે પણ અહી નોંધનીય છે.

# વિહંગમ યોગ સંત સમાજનો શતાબ્દી ઉજ્જવની મહોત્સવ











**બારડોલી-** વિહંગમ યોગ સંત સમાજનો શતાબ્દી ઉજ્જવની મહોત્સવ, સ્વર્વેદ જ્ઞાન મહાયજ્ઞ કથા, અમૃતના પ્રેરણા સ્ત્રોત, બારડોલીવાસીઓએ વારાણસીથી પધારેલા પરમ પૂજનીય વિજ્ઞાન દેવજી મહારાજના પ્રવચન, સેવા, સત્સંગ અને સાધનાનો લાભ લીધો, 'રાષ્ટ્રીય વ્યાપી સંકલ્પ યાત્રા' 'કન્યાકુમારીથી કાશ્મીર સુધી. ત્યારે બારડોલીમાં જીતુભાઈ પરમાર, પૂર્વ વન મંત્રી પ્રવીણભાઈ રાઠોડ, ગૌરાંગ વાંસિયા સહિતના મહાનુભાવો દ્વારા સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સાધકો અને ભક્તોએ સત્સંગનો લાભ લીધો હતો.



# વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત અંકલેશ્વર ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા જરૂરિયાતમંદ દીકરા - દીકરીઓને સેવા અર્પણ કરવામાં આવી

## એક કદમ સેવા કી ઔર આ સૂત્રને સાર્થક કરતા ગુરુકુલના સેવાઆદર્શ બાળકો





**વડતાલ-** ગણતરીના દિવસોમાં જ વડતાલ ધામ દ્વિશતાબ્દી મહોત્સવ આવી રહ્યો છે ત્યારે એ મહોત્સવના ભાગરૂપે એના ઉપલક્ષ્યમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પબ્લિક સ્કૂલ અંકલેશ્વરના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ દિપાવલીના દિવસોમાં માનવસેવા એ જ પ્રભુ સેવા આ સૂત્રને સાર્થક કર્યું હતું. ગુરુકુલના વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી જ મીઠાઈઓ, કપડાઓ તેમજ જીવન જરૂરિયાત નાની મોટી વસ્તુઓ લાવીને અંકલેશ્વરની આજુ બાજુની આશ્રમશાળાઓના બાળકોના મસીહા બનીને સેવાધર્મનું આચરણ કર્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિને ગુરુકુલ સંસ્થાન વડા સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, ટ્રસ્ટી કિશોર સરે આશીર્વાદ આપીને વખાણી હતી. આ નિ:વાર્થ સેવાધર્મની યાત્રામાં શાળાના આચાર્યાશ્રી અમિત શ્રીવાસ્તવ, હેમલતા શ્રીશ્વાલ, અલ્કા પટેલ એવમ શિક્ષકો જોડાયા હતા. બાળકોમાં સેવાધર્મની સાચી સમજણ ગુરુકુલમાંથી જ પ્રાપ્ત થઈ તેવી ભરપુર પ્રશંસા આશ્રમશાળાના સંચાલકે કરી હતી.

























## ભ્રષ્ટાચાર સામે, રોજગાર ગેરંટી કાયદા હેઠળ બેરોજગાર યુવાનો માટે રોજગાર, ભાઈચારો, પર્યાવરણ અને શિક્ષણ માટે સમર્પિત.



તમારી નિમણૂક પૂર્વ કમિશ્નર બાબા હરદેવસિંહ વિચાર મંચ ગુજરાત પ્રદેશ પ્રમુખના હોદ્દા પર કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા ઓફિસર એમ્પ્લોઈઝ જનરલ કાઉન્સિલના ભૂતપૂર્વ પ્રમુખ / આજીવન આશ્રયદાતા અને આદરણીય ભૂતપૂર્વ કમિશનર બાબા હરદેવ સિંહ દ્વારા બહાર પાડવામાં આવેલા ભ્રષ્ટાચાર સામે, રોજગાર ગેરંટી કાયદા હેઠળ બેરોજગાર યુવાનોને રોજગાર, ભાઈચારો, પર્યાવરણ અને મફત શિક્ષણ માટે શા માટે બ્યુરોક્રેસી બેઈમાન છે અભિયાનને વાસ્તવિકતા બનાવવા માટે કામ કરીને, અમે દેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવામાં મદદ કરીશું.

અમે આશા રાખીએ છીએ કે ભ્રષ્ટાચાર સામે સંગઠનને મજબૂત કરવા માટે દરેક ઘર સુધી પહોંચીને, તમે દરેક સભ્ય પાસેથી બે રોપા વાવીને ખુશ થશો.

નિમણુંક બદલ ખુબ ખુભ અભિનંદન

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

Atmiya Properties
Property Sale,Buy,Rent & Loan services.




Home Loan,
Mortgage Loan,
Personal Loan,
Business Loan,
Vehicle Loan,

Over Draft (OD),
Cash Credit (CC),
Education Loan,
Agriculture Loan,
Project Loan,

કોઈપણ પ્રકારની લોન માટે આજે જ સંપર્ક કરો.
Mo- 9016924808

દરેક પ્રકારની પ્રોફાઇલ પર લોન કરી આપીશું.
સર્વિસ ચાર્જ કેશ મુજબ રહેશે.

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...




શું તમારી હેલ્થ ઈન્સ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?

ફકત એક ફોન કરો
Door Step Services
મેડીકલેમ કરાવો

→ વ્યાજબી પ્રીમિયમ
→ નો કલેમ બોનસ 600% સુધી
[ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હૃદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
→ દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
→ કેશલેસ ફેશીલીટી
→ ઈન્કમ ટેક્ષ માં લાભ
→ દરેક કંપનીની પોલીસી પોર્ટેબલીટી કરી આપવામાં આવશે.
→ કન્ટીન્યુ બેનીફીટ સાથે

એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com

→ Life Insurance
→ Health Insurance
→ Mutual Fund
→ Motor Insurance

Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### દીપાવલી- આ તહેવાર પ્રકાશનો અંધકાર ઉપર વિજય મેળવવાનો છે

તહેવારને દીવડાનો તહેવાર પણ કહેવાય છે, કારણકે આ તહેવારમાં દીવડા નું વિશેષ મહત્ત્વ છે.

આ તહેવાર પ્રકાશનો અંધકાર ઉપર વિજય મેળવવાનો છે. આ તહેવાર બુરાઈ પર સારાય ની ઉજવણીનો છે. દિવાળી સંસ્કૃત શબ્દ 'દીપાવલી' પરથી છે. એનો અર્થ 'દીપ 'એટલે દિવા અને 'આવલી 'એટલે એક લડી.

આ તહેવારમાટે ખાસ પરંપરાગત ભારતીય વો પહેરવા. નવા વો ખરીદી શકાય. ઘરના સભ્યો તેમજ મિત્રોને આમંત્રી ને નાના ગેટ ટુગેથેરનું આયોજન કરવું. ઘરની સાફસફાઈ પણ જરૂરી છે. ઘર બરાબર સાફ કરવું જેથી આવનારા નવા વર્ષને વધાવી શકાય અને મા લક્ષ્મી ની કૃપા મેળવી શકાય. દિવાળીના તહેવાર નિમિત્તે ગરીબોને દાન કરવું જોઈએ જેથી એક શુભ શરૂઆત થાય.

ધનતેરસના દિવસે નવો દાગીનો કે કોઈન ખરીદવામાં આવે છે. જે શુભ મનાય છે. કાળી ચૌદસે માતાજી ને નૈવેદ્ય ધરાવવાનું ખાસ મહત્ત્વ છે. માને નૈવેદ્ય ધરાવવાથી આખું વર્ષ ધંધાન્ય પવિત્ર તથા અખંડ રહે છે. દિવાળીના દિવસો મા લક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. મા લક્ષ્મી સંપત્તિ અને સમૃદ્ધિના દેવી છે. આ દિવસે વેપારી વર્ગ ચોપડા પૂજન કરે છે અને માના આશીર્વાદ મેળવે છે.

દિવાળીનો બીજો દિવસ એટલે બેસતું વર્ષ, જે નવા વર્ષ તરીકે ઉજવાય છે. આ દિવસે લોકો નવા કપડાં પહેરે છે ને મંદિરે દર્શન કરવા જાય છે તેમજ મિત્રો અને સગાંસંબંધીઓને મળીને સાલમુબારક કહે છે. વિવિધ પકવાન જમે છે. એકબીજાને ભેટ આપે છે. પૂરો દિવસ આનંદથી પસાર કરે છે. નવા વર્ષનો બીજો દિવસ ભાઈબીજ તરીકે ઉજવાય છે જેમાં બહેન ભાઈને પોતાના ત્યાં જમવા આમત્રિત કરે છે. છેલ્લે ફટાકડા નહીં ફોડવા જોઈયે કારણકે તેથી વાયુ પ્રદુષણ થાય છે જે ખૂબ નુકસાનકર્તા છે. આમ દિવાળીનો તહેવાર ધામધૂમથી ઉજવાય છે.

ઘરની સજાવટ માટે જુના ફર્નિચરને નવી રીતે ગોઠવવું. થોડા ફેરફાર કરીને ક્લાત્મક રીતે ગોઠવવું. આથી ઘર સુંદર લાગશે. નવું રાચરચીલુ પણ લઈ શકાય. ઘરની દીવાલોને ક્લર કરવી. બારી બારણાંના પડદા બદલી લેવા જેથી એક અલગજ નવું માહોલ બનશે.

ઘરમાં જુના પેઇન્ટિંગસ હોય તો બદલાવીને નવા લગાડવા. અમુક દીવાલ પર રિમૂવેબલ વોલ પેપર લગાવવા જેથી ઘર દીપી ઉઠશે. ઘરના લાઈટ ફિટિંગ્સ બદલીને નવા લગાવવા.સોફા નવો ન ખરીદવો હોય તો સોફાનું કપડું તેમજ ક્યુશન કવર્સ બદલાવી લેવા જેનાથી નવીનતા લાગશે. ફ્લોરિંગ બદલવુ ન હોય તો નવો ગાલિચો પાથરવો. દીવાલોને ફૂલની હારની લડીયોથી શણગારવું. ઇલેક્ટ્રિક તોરણની લડીયો લગાવવી. આ લડીયો સફેદ તેમજ રંગીન લગાવી શકાય. આ એકદમ પારંપરિક અને સુંદર લાગે છે. ઘરની અંદર એરોમટિક કેન્ડલ્સ લગાવવી જેનાથી સુંદર મહેક અને ઔરા છવાય જાય છે, જે ઘરના સભ્યોનો મૂડ સુધારે છે. ફ્રુટ કેન્ડલ્સ બનાવી શકાય જે સહેલું છે. જુદા જુદા ફ્રુટની છાલને આકર્ષક રીતે કાપી ગોઠવવી. તેની અંદર નાની નાની કેન્ડલ મુકવી જે દીપી ઉઠશે. ઘરના લિવિંગ રૂમમાં ઇન્દોર પ્લાન્ટ્સ લગાવવા જેથી વાતાવરણ મહેકતું લાગશે. ઘરના મંદિરને તો ભુલાય જ કેવી રીતે. મંદિરને ખૂબ બધા સુંદર ફૂલો તેમજ દીવડાથી શણગારવું. જેના લીધે સકારાત્મક ઊર્જા ફેલાશે. માટીના કોડિયાથી ઘરને શણગારી શકાય. જાતજાતના આકાર અને રંગના કોડિયા પ્રગટાવવા દીવડા અંતરના પ્રકાશ નું પ્રતિનિધિત્વ કરે છે જે અંદરના અંધકારને ટાળે છે. દીવડા પવિત્રતા અને સુંદરતાને વધારે છે. સર્જનાત્મકતા માટે જાતે દીવડા શણગારવા. માટીના કોડિયા લાવી તેને રંગી ઉપરથી જરી વિગેરેથી શણગારી શકાય.

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...
ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## ઘરમાં નોખી પ્રકાશ રચના કરીને દિવાળીના પર્વને વધાવો



રંગબેરંગી રોશની અને મીઠાઈનો તહેવાર એટલે દિવાળી. દિવાળીના આગમન પૂર્વે જ વિવિધ રંગી કંદીલ, ઝુમ્મર, તોરણ, દિવડા, ચિરોળી, રંગ, સ્ટિકર જેવી વસ્તુઓથી બજાર ઊભરાવા લાગે છે. ગૃહિણીઓ ઘર સફાઈના કામમાં મચી પડે છે. સફાઈકામ પૂર્ણ થતાં જ કંદીલ અને નાના-મોટા બલ્બથી ઘરના દરવાજા અને બારીઓને સજાવી, લક્ષ્મીજીને વધાવવાની તૈયારીઓ શરૂ થઈ જાય છે.

પરંતુ ઘરના બારી-બારણા પર રોશની કરવા ઉપરાંત ઘરના અમુક ચોક્કસ ભાગો પર વધારાની રોશની કરી, તમે તમારા ઘરને રોશનીથી ભરી શકો છો. વળી આમાં ઝાઝો ખર્ચ કરવાની જરૂર પણ નથી રહેતી. થોડી જુદી રીતે પ્રકાશ સજાવટ કરવાથી તમારું ઘર બીજાં ઘરો કરતાં તદ્દન જુદું તરી આવશે તે છોગામાં. જેમ કે ઘરના દરવાજા પાસે કરવામાં આવતી રંગોળી ઉપર લાઈટની વ્યવસ્થા રાખવામાં આવે તો રંગોળી પર ફેંકાતા પ્રકાશથી રંગોળી દીપી ઉઠશે. આ સિવાય રંગોળીની આસપાસ અથવા ડિઝાઈનની વચ્ચે દિવા પ્રગટાવવાથી પણ રંગોળીની સુંદરતાને ચાર ચાંદ લાગી જશે. તેવી જ રીતે જો તમારા ઘરમાં નાના-નાના છોડ હોય તો તેની વચ્ચે બલ્બ લગાવી શકાય. આનાથી લાઈટ તો દેખાશે જ, સાથે સાથે પાંદડા પર પડતા પ્રકાશથી પણ ખૂબ આકર્ષક લાગશે.

જો તમે ઘરના કોઈ ખૂણાને ખાસ આકર્ષક બનાવવા ઈચ્છતા હો તો તેની સામેની બાજુએથી તે ખૂણા પર પ્રકાશ ફેંકાય એવી વ્યવસ્થા કરો, અનાયાસ જ ઘરનો એ ખૂણો આકર્ષણનું કેન્દ્ર બની જશે.

મહાનગરોમાં દરેક વ્યક્તિ મોટા ઘરમાં રહેવા જેટલી નસીબદાર નથી હોતી. જો તમારું ઘર નાનું હોય તો, તેમાં ભરપૂર રોશનીની વ્યવસ્થા કરો, જેથી ઘર આપોઆપ મોટું દેખાશે. દિવાળીના દિવસે ડ્રોઈંગરૂમમાં સફેદની જગ્યાએ પીળી રોશની કરો. તેવી જ રીતે ઘરની જે વસ્તુ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા ઈચ્છતા હો, તેની ઉપર ભરપૂર પ્રકાશની વ્યવસ્થા કરો. આમ કરવાથી લોકોનું ધ્યાન આપોઆપ આ પ્રકાશમાન જગ્યાઓ ઉપર જવાથી અન્ય સ્થળે નહીં જાય. આને માટે નોખા પ્રકારના બલ્બ, લેમ્પ અથવા રિફ્લેક્ટર્સનો ઉપયોગ કરી શકાય જેમ કે તમારી દિવાલ પર કોઈ સરસ મઝાનું પેઈન્ટીંગ કે ગામઠી કામ કરેલું શો પીસ હોય તો તેની ચારે તરફ નાના નાના બલ્બનું તોરણ લગાવવાથી ઘરમાં ઉત્સવનું વાતાવરણ ઊભું થશે.

તહેવારના દિવસોમાં પૂજાના રૂમનું અથવા ઘરમાં પધરાવેલા મંદિરનું અનોખું મહત્ત્વ હોય છૌ. જો તમારા ઘરમાં પૂજા માટે અલગ ઓરડો હોય તો તેના દરવાજા પર નાના નાના બલ્બથી રોશની કરો. આ ઉપરાંત રૂમની અંદર પ્રકાશની વ્યવસ્થા એવી રીતે કરો કે ભગવાનની મૂર્તિ પર ઉપરની તરફથી પ્રકાશ આવે. તેવી જ રીતે પૂજા ઘરના દરવાજા પર આંબાના પાન અને ફૂલના તોરણમાં આંબાના પાન પર નાના બલ્બ ગોઠવીને તેને અત્યંત આકર્ષક બનાવી શકાય.

### વિવાદિત અધિકારી થી તાપી જિલ્લાના તમામ પત્રકારો માનસિક રીતે ત્રાસ

## તાપી જીલ્લા ના માહિતી નિયામક નિનેશ ભાંભોર ની વહેલી તકે બદલી કરવામાં આવે એવી માંગ કરતી રજુઆત સાથે પત્રકારોએ પ્રાંત સાહેબ અને મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપ્યું



સુરત જિલ્લા ના બારડોલી તાલુકામાં પ્રાંત કચેરી ખાતે પ્રાંત સાહેબ અને મામલતદાર સાહેબ શ્રી ને નેશનલ પ્રેસ એસોસિએશનના NPA ના નેજા હેઠળ તારીખ ૨૮.૧૦ ૨૦૨૪ ના રોજ આવેદનપત્ર આપવામાં આવયુ છે. બારડોલી તાલુકાના તમામ પત્રકાર સાથે મળી.

નેશનલ પ્રેસ એસોસિએશન NPA ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર હિમાંશુ ઠાકોર તથા બારડોલી તાલુકા NPA ના પ્રમુખ મિતુલ સિંહ સૂરમાં. NPA ના ઉપપ્રમુખ કૃણાલભાઈ પટેલ. મહામંત્રી સુનિલભાઈ પટેલ મંત્રી હિતેશભાઈ પટેલ નેશનલ પ્રેસ એસોસિએશનના સભ્ય મેહુલભાઈ ગોસ્વામી ની વિશેષ ઉપસ્થિતિમાં તાપી જિલ્લા માહિતી નિયામક અધિકારી નિનેશ ભાંભોર દ્વારા વિકલી પેપર બહુજન સમ્રાટ ના તંત્રી ની સામે ખોટા આક્ષેપો કરે છે સરકારી માહિતી Whatapp ગ્રુપમાં ખોટા ખોટા પત્રકારોને વિરુદ્ધ બદનામ કરવાના મેસેજો ફોરવર્ડ કરે છે.

પત્રકારોને ખોટી રીતે બદનામ કરીને નુકસાન કરતા આવેલ છે તંત્રી ઓને પેપર બંધ કરાવી દેવાની ધમકીઓ આપતા આવેલ છે આવા ભ્રષ્ટ અધિકારી પોતાના હોદ્દા નો દુરઉપયોગ કરી સરકારશ્રી માહિતી ખાતાને ને પણ બદનામ કરી નુકસાન કરે છે. તાપી જિલ્લા હાલના માહિતી અધિકારી તાપી જિલ્લામાં પત્રકારો માં અંદરો અંદર વિવાદ ઊભો કરાવે છે આવા કાયમ માટે વિવાદિત અધિકારી થી તાપી જિલ્લાના તમામ પત્રકારો માનસિક રીતે ત્રાસી ગયા છે. અને તાપી જીલ્લા ના માહિતી નિયામક નિનેશ ભાંભોર ની વહેલી તકે બદલી કરવામાં આવે એવી માંગ કરતી રજુઆત સાથે પત્રકારોએ આજરોજ બારડોલી પ્રાંત કચેરી ખાતે પ્રાંત સાહેબ અને મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપ્યું છે.

## કામરેજ વિસ્તારમાં રખડતાં ઢોરોની વકરતી સમસ્યાનો નિવેડો જરૂરી



આંબોલી- કામરેજ આસપાસના વિસ્તારમાં રખડતા ઢોરોની સમસ્યાનો કાયમી ઉકેલ જરૂરી છે. આ રખડતા ઢોરના કારણે અકસ્માતના બનાવો પણ બને છે. આ સાથે ટ્રાફિકની સમસ્યામાં પણ વધારો થાય છે.

હાલમાં ચાલી રહેલા દિવાળીના પાવન પર્વે નિમિતે કામરેજ આસપાસના જાહેર માર્ગો પર વાહન વ્યવહારની ભારે અવર જવર જોવા મળે છે. ત્યારે માર્ગો પર અડ્ડો જમાંવેલા રખડતા ઢોરોની સમસ્યા વાહન ચાલકો સહિત લોકો માટે માથાના દુઃખાવા સમાન બનતી જાય છે.

ટોળે વળેલા ઢોરો પાસેથી પસાર થતા વાહન ચાલકો માટે જીવતા બૌંબ સમાન બનેલા ઢોરો અચાનક સામ સામે શિંગડા ભેરવતા સીધા વાહન ચાલકોને નિશાન બનાવે છે. ત્યારે લાગતા વળગતા તંત્ર દ્વારા રખડતા ઢોરો પર અંકુશની તાતી જરૂરિયાત વર્તાય રહી છ, જેથી લોકોને રખડતા ઢોરોની સમસ્યામાંથી છૂટકારો મળી રહે.

## દિવાળીના તહેવારમાં પાચનતંત્રને મજબૂત રાખવા માટે પીવો આ ૪ પીણા



અત્યારે સમગ્ર દેશમાં દિવાળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવી રહ્યો છે. ધનતેરસના દિવસથી લઈને ભાઈબીજ સુધી આ તહેવારને મનાવવામાં આવે છે. જેના કારણે ઘરની બનેલી મિઠાઈથી લઈને બહારની મિઠાઈઓના ઢગલા થઈ જાય છે. દરમિયાન સતત ખાવાથી પેટનું પાચન બગડી જાય છે. જેના કારણે ઘણી વખત લોકો એસિડિટી અને અપચાના શિકાર થઈ જાય છે. દરમિયાન તમે આ ડ્રિન્ક્સનું સેવન કરી શકો છો. આ ડ્રિન્ક્સ એસિડિટીમાં ખૂબ ફાયદાકારક હોય છે.

વરિયાળીનું પાણી

વરિયાળીનો ઉપયોગ ઘણી વખત ભોજન બાદ શ્વાસની દુર્ગંધને દૂર કરવા માટે કરવામાં આવે છે પરંતુ શું તમે જાણો છો કે વરિયાળીનું પાણી પીવાથી પેટનો દુખાવો, સોજો, ગેસ અને કબજિયાત જેવી સમસ્યાઓમાં તાત્કાલિક આરામ મળે છે. વરિયાળીમાં એન્ટીઓક્સિડેન્ટ, એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. જેના કારણે પાચનતંત્ર મજબૂત રાખવામાં મદદ મળે છે. વરિયાળીના પાણીથી ગેસની તકલીફમાં તાત્કાલિક આરામ મળે છે. આ ડ્રિન્કનું સેવન લંચ અને ડિનરના ૩૦ મિનિટ બાદ કરવુ જોઈએ.

ફૂદીનાની ચા

ફૂદીનાની ચા આપણી બોડીને ડિટોક્સ કરે છે. તેને બનાવવા માટે એક પેનમાં એક ગ્લાસ પાણી લઈ લો અને તેને ઉકાળી દો. જે બાદ તેમાં ૧૨થી ૧૫ ફૂદીનાના પાન અને બે, ત્રણ કાળા મરીને સારી રીતે ઉકાળી દો. જ્યારે આ સામાન્ય ઠંડુ થઈ જાય તો ગાળી લો પછી પીવો. તેનાથી તમારુ પાચન યોગ્ય થશે અને શરીર ડિટોક્સ થશે. ફૂદીનાની ચા પીવાથી આપણુ મેટાબોલિઝમ સારુ થઈ જાય છે અને એસિડિટીની તકલીફ પણ દૂર થઈ જાય છે. ફૂદીનાની ચા પીવાથી શ્વાસની દુર્ગંધ દૂર થઈ જાય છે. તેને રાત્રે સૂતા પહેલા પીવો.

તુલસીની ચા

તુલસીની ચા નેચરલ ડિટોક્સ તરીકે કામ કરે છે. જેમાં નેચરલ કેમિકલ હોય છે જે મેટાબોલિઝમને બૂસ્ટ કરવાનું કામ કરે છે અને પાચનને પણ સુધારે છે. આને બનાવવા માટે ૧ ગ્લાસ પાણીને ઉકાળી લો. જેમાં ૧૦થી ૧૨ ફુદીનાના પાનને નાખો અને સારી રીતે ઉકાળી લો. જ્યારે આ સામાન્ય ઠંડુ થઈ જાય એટલે તેને ગાળી લો. તમે આમાં ટેસ્ટ માટે ઘીના અમુક ટીપા નાખી શકો છો.

જીરૂનું પાણી

જીરનું પાણી પીવાથી અપચાની તકલીફ દૂર થાય છે. આ તમારા મેટાબોલિઝમને વધારે છે અને એસિડિટીની તકલીફ પણ દૂર થઈ જાય છે. ફૂદીનાની ચા પીવાથી શ્વાસની દુર્ગંધ દૂર થઈ જાય છે. તેને રાત્રે સૂતા પહેલા પીવો.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT







દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...




શ્રી સત્ય સાંઈ હોસ્પિટલ, બારડોલી
આંખ,દાંત અને ફિઝિયોથેરાપીની વિનામૂલ્યે સારવાર અને સેવા આપતી સંસ્થાનું ૧૪ વર્ષમાં મંગલ પ્રવેશ

# બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે રન ફોર યુનિટી યોજાશે

બારડોલી- સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તા.૩૧મી ઓક્ટોબર- અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ અંતર્ગત તેમને અંજલિ આપવાના ઉદ્દેશથી તા.૨૯.૧૦.૨૦૨૪ મંગળવારના રોજ વહેલી સવારે ૭ વાગ્યે બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે એક્તા દોડ-રન ફોર યુનિટી યોજાશે.આ દોડ બાદ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને સુતરાંજલિ-પુષ્પાંજલિ દ્વારા સરદાર વંદના કરવામાં આવશે. એક્તા દોડ દરમિયાન રાષ્ટ્રીય એક્તાના શપથ લેવાશે. આ દોડમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, પોલિસના જવાનો, શિક્ષકો સહિત આમ જનતા પણ સહભાગી થશે. બારડોલીને ખ્યાતી અપાવનારા મહાપુરૂષ સરદાર પટેલને કૃતજ્ઞતા વ્યક્ત કરશે.




सुनेहरे कल के लिए आज का योगदान..
स्वाभिमान
સ્વાભિમાન ગ્રુપ તરફથી
નવા વસ્ત્રોનું વિતરણ
તારીખઃ ૦૨/૧૧/૨૦૨૪ શનિવાર । સમયઃ સવારે-૯:૦૦
સ્થળ : જલારામ મંદિર, સ્ટેશન રોડ બારડોલી. Mo. 98988 89966
સહયોગી સંસ્થા
શ્રી રાજપુત કરણી સેના
JCI BARDOLI SARDAR
Chirag Joshi:- +91 98988 89966
Kamaljit Chavda :- +91 82383 79417 / Vishal Patel : - +91 99788 04999 Vishal Mehta:- +91 90048 66040

તાત્કાલિક ભરતી
સરકાર માન્ય કંપનીની ઓફિસમાં
ઓફિસવર્ક કરી શકે તેવા ભાઈઓ-બહેનોની તાત્કાલિક ભરતી કરવાની છે.
બારડોલી તાલુકાના આસપાસના ગામોમાંથી પસંદગી કરવામાં આવશે.
લાયકાત :- ધોરણ ૧૦-૧૨ પાસ / નાપાસ, ગ્રેજ્યુએટ
વય મર્યાદા :- ૨૨ વર્ષ થી ૪૫ વર્ષ
રૂા. 10,000/- થી 15,000/- કમાઈ શકો.
(વહેલા તે પહેલાના ધોરણે ભરતી કરવાની છે.)
આજે જ સંપર્ક કરો.
Mo. : 83204 33915

Viralsinh Raol
Mahamantri
M. +91 9898592794
राजपूत सेवा विकास ट्रस्ट
RAJPUT SEVA VIKAS TRUST
Regn.No. A/5245A'BAD
E-mail :81mineralwater.8w@gmail.com. | www.rajputsevavikastrust.com
1, Uma Tenament, Chandlodiya Talav, Chandlodita-Jagatpur Road, Ahmedabad, Gujarat-382481, India.

UP TO DIWALI SPECIAL OFFER
આનંદ ફેશન
કુર્તી-પેન્ટ સેટ
3,000 થી ૫,000 રૂા. 10%
FREE EXTRA SHOPPING
કમ્ફોર્ટ રોઝી લેગીંસ ૩ નંગ ૫૦૦ રૂા.
જીન્સ-શર્ટ(જેન્ટ્સ) ૯૫૦ રૂા.
એ.સી. બ્લેન્કેટ ૨ નંગ ૧,૦૦૦ રૂા.
લક્ષ્મી ગોપાલ કોમ્પલેક્ષ, SBR Science School ની નીચે, ધામડોદ રોડ, બારડોલી.
Mo. 99254 36011, 95108 48819

Viralsinh Raol
M. +91 9898592794
Rashtriy Rajput Vyapar Pramukh
(kshatriya Astitv Nyay Moorcha, Bharat)
E-mail : 81mineralwater.8w@gmail.com
1, Uma Tenement, Nr. Chandlodiya Talav, Chandlodiya, Jagatpur Road, Ahmedabad, Gujrat - 392481

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...
વિનય જવેલર્સ
Mo-942-610-4060
સ્ટેશન રોડ, બારડોલી




જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
દિવાળી નિમિત્તે સ્પેશિયલ ઓફર
વેપારી ભાઈઓ માટે દિવાળી પર્વ નિમિત્તે જાહેરાત માટેની ખાસ ઓફર ફક્ત... પેપરમાં જાહેરાતના પૈસા ચૂકવી... ગુજરાત આત્મીયતા- ડિજિટલ મીડિયા તથા સોશિયલ મીડિયાના વેબ પેજ ના માધ્યમથી ફ્રી માં પ્રચાર નો લાભ લેવા સંપર્ક કરો...
નોંધ- આ ઓફર ફક્ત લાભ પાંચમ સુધીની છે
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...
ૐ જલાસાંઇ
અક્ષર જ્વેલર્સ પ્રા.લિ.
SINCE 1995
ગોલ્ડ | રોઝ ગોલ્ડ | ડાયમંડ | સિલ્વર | પ્લેટીનમ
એ/૧, સાધના ટાવર્સ, સરદાર હોસ્પિટલ સામે, સ્ટેશન રોડ, બારડોલી.
+91 2622-220980 +91 916 916 9464 +91 99254 38372

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).